# ❀ મુમુક્ષુના યજમાનને ❀

એક પુણ્યાત્મા ઘર-પરિવારાદિ છોડીને
ગુરુ ભગવંત પાસે ભણવા/સંયમતાલીમ લેવા આવ્યા હોય,
તેમની ભક્તિનો આપ લાભ લેવા જઈ રહ્યા છો - તે સૌભાગ્યની
ખૂબ ખૂબ અનુમોદના.

આપશ્રી આટલી બાબતોનું ધ્યાન રાખશો એવી ખાસ ભલામણ.

- ઘરે રોજ જે બનાવતા હોય, તેથી વધુ કોઈ આઈટમ્સ બનાવવાની જરૂર નથી.
- મુમુક્ષની હાજરીમાં ટી.વી., મ્યુઝિક સિસ્ટમ, પ્રોગ્રામ્સ/ફિલ્મી ગીતો વગેરે ચાલુ રાખવાથી સંયમધર્મની આશાતના થાય છે, તેથી તેવું ન કરવા વિનંતી.
- મુમુક્ષુની હાજરીમાં વિજાતીય (બહેનો)ના વસ્ત્રો ખૂબ જ મર્યાદાવાળા હોય તે જરૂરી છે. તેનાથી સંયમધર્મનું બહુમાન થાય છે અને ખૂબ પુણ્ય મળે છે.
- અતિ આગ્રહ સાથે બિનજરૂરી વધુ પડતું વપરાવી દેવાથી મુમુક્ષુનું સ્વાસ્થ્ય બગડે તથા સ્વાધ્યાયાદિ આરાધના પણ બગડે, તેથી તેવું ન કરવા વિનંતી.
- કોઈપણ વ્યક્તિના નોર્મલ ખોરાક કરતા એકાસણાનો ખોરાક વધુ હોય, તેમાં પણ રોજના એકાસણા ચાલતા હોય, ત્યારે ખોરાક ઓર વધુ હોય છે. ક્યારેક આપણને આવો ખ્યાલ ન હોય અને મુમુક્ષુ શરમાઈને ભૂખ્યા રહે આવું પણ બની શકે.
- મુમુક્ષુ આપના જેવા જ સારા ઘરમાંથી આવતા હોય છે. બીજાના ઘરે જમવામાં આમ પણ તેમને શરમ આવતી હોય છે, છતાં સંયમતાલીમ માટે બીજો વિકલ્પ ન હોવાથી, તેઓ આપના ઘરે જમવા આવ્યા હોય છે. તેમાં ઊંડી ઊંડી ઘણી બધી પૂછતાછ થાય તો તેમને વધુ શરમ આવે અને મૂંઝવણ થાય, આ વાત આપ સમજી શકો છો.
- જો ઘરે પુરુષ હાજર હોય તો તેમના જ હાથે મુમુક્ષુને પીરસાવવા વિનંતી.
- આપના ભક્તિભાવની અનુમોદના કરીએ છીએ, પણ જ્યાં સુધી દીક્ષાનું મુહૂર્ત ન નીકળે ત્યાં સુધી મુમુક્ષુ કોઈ પણ પ્રકારનું બહુમાન નથી લેતા, તેથી ક્ષમા યાચીએ છીએ.

આપશ્રીની ભક્તિની પુનઃ પુનઃ અનુમોદના.